**Gujarati Midday Pg 1, 9th July 2022**

# બિનાન્સને સ્પેનમાં વર્ચ્યુઅલ ઍસેટ સર્વિસ પ્રોવાઈડર તરીકેનું લાઈસન્સ મળ્યું



**ક્રિપ્ટોકરન્સીના** સૌથી મોટા એક્સચેન્જ બિનાન્સને સ્પેનની કેન્દ્રીય બૅન્કે વર્ચ્યુઅલ ઍસેટ સર્વિસ પ્રોવાઈડર તરીકેનું લાઈસન્સ આપ્યું છે. આ લાઈસન્સ બિનાન્સની પેટાકંપની મૂન ટેક સ્પેનને પ્રાપ્ત થયું છે. એને પગલે બિનાન્સ સ્પેનમાં ક્રિપ્ટો ઍસેટ એક્સચેન્જ સ્થાપી શકશે અને કસ્ટડી સર્વિસ પૂરી પાડી શકશે.

દરમ્યાન શુક્રવારે ક્રિપ્ટોકરન્સી માર્કેટનું કૅપિટલાઈઝેશન ૨.૯૪ ટકા વધીને ૯૪૭.૧૯ અબજ ડૉલરે પહોંચ્યું હતું. પાછલા ૨૪ કલાકમાં માર્કેટમાં વૉલ્યુમમાં પણ ૩૨.૪૬ ટકા જેટલો નોંધપાત્ર વધારો થયો હતો. બીટકૉઈનનો ભાવ ૪.૫ ટકાની વૃદ્ધિ સાથે ૨૧,૩૨૧ ડૉલરની આસપાસ ચાલી રહ્યો છે. ઈથેરિયમમાં ૨.૧૫ ટકાની વૃદ્ધિ સાથે ભાવ ૧૨૦૮ ડૉલર થયો છે.

ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં શુક્રવારે શરૂઆતની વૃદ્ધિ બાદ પ્રૉફિટ બુકિંગ થતાં ભાવ થોડા ઘટ્યા હતા. બીજી બાજુ અમેરિકામાં સ્ટૉક્સ ફ્યુચર્સમાં ઘટાડો નોંધાયો હતો.

સંસ્થાકીય રોકાણકારોએ કરેલી ખરીદીને પગલે બીટકકૉઈન ત્રણ સપ્તાહની ટોચે પહોંચ્યો હતો. કૉઈનબેઝ બીટીસી પ્રાઈસ પ્રીમિયમને જોતાં કહી શકાય કે બજારમાં ખરીદશક્તિ વધી ગઈ છે. વ્હેલ્સ હવે બીટકૉઈન ફરીથી સંગ્રહ કરવા લાગ્યા છે.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ - આઈસી15 શુક્રવારે બપોરે ૪ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૪.૩૧ ટકા (૧૧૯૪ પૉઈન્ટ) વધીને ૨૮,૮૬૨ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૭,૬૬૭ ખૂલીને ૨૯,૯૮૮ સુધીની ઉપલી અને ૨૭,૪૬૦ પૉઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.